**DATE: 01/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ઘરમાં સંતાડેલો દારૂનો જથ્થો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ ની ટીમ દ્વારા ચોક્કસ માહિતી આધારે તાડ ફળીયા માં રહેતા સિદ્દીક હનીફ પઠાણ ના ઘરે દરોડા પાડ્યા હતા. ત્યાં રૂમ માં અલગ અલગ થેલા અને બેગ માં દારૂ ની બોટલ અને બિયર ના ટીમ નો વિપુલ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કુલ દારૂ ની 381 બોટલનો જથ્થો સીઝ કરી સિદ્દીક પઠાણ ની ધરપકડ કરી હતી અને તેની પૂછપરછ કરતા આ દારૂ નો જથ્થો તાડ ફળીયા વિજય દલપત વસાવા એ મંગાવ્યો હોવાની કબૂલાત કરી હતી,

**DATE: 01/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### સીઈઆઈઆર પોર્ટલનો ઉપયોગ કરી મોબાઇલ ફોન શોધી કાઢ્યા

# અંકલેશ્વરમાં રૂા. 2.18 લાખના 10 મોબાઈલ મૂળ માલિકને પરત કર્યા



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા દ્વારા સીઈઆઈઆર પોર્ટલનો ઉપયોગ કરી ગુમ/ચોરી થયેલ મોબાઈલ ફોન શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી. જેના આધારે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે કેન્દ્ર સરકારના સીઈઆઈઆર પોર્ટલના માધ્યમથી ગુમ થઈ ગયેલ મોબાઈલ ફોન એકટીવ થયા હતા. જેને ટ્રેસ કરી મૂળ માલિકને પરત કર્યા છે. પોલીસે રૂ.218 લાખની કિંમતના 10 ફોન મૂળ માલિકને પરત કરવામાં સફળતા મેળવી છે. આ અગાઉ પણ જીઆઈડીસી પોલીસે રૂ 7.98 લાખની મતના 38 મોબાઈલ મૂળ માલિકને પરત કર્યા હતા જેમાં ઉમેરો થતા વધુ 10 મોબાઈલ મળી કુલ 48 મોબાઈલ સાથે 10 લાખ ઉપરાંત ની કિંમત ના મોબાઈલ શોધ્યા છે.

### વાલિયાના વડફળિયાની અંજનાએ 27મીએ રાત્રિના એસિડ પી લીધું હતું

# યુવતીને આપઘાતની દુષ્પ્રેરણા આપનારા પ્રેમી સહિત 2 આરોપીની ધરપકડ કરાઈ

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

વાલિયા તાલુકાના વડફળિયામાં રહેતી યુવતીએ પ્રેમી તથા અન્ય એક યુવાનના ત્રાસથી કંટાળીને એસિડ પી જઇ આપઘાત કરી લીધો હતો. પ્રેમી અને તેનો મિત્ર યુવતીને તુ ક્યારે મરી જાય છે તેમ કહી તેની ઠેકડી ઉડાવતાં હતાં તેમજ કોઇની સાથે વાત પણ કરવા દેતાં ન હતાં. 27મીએ તે મોબાઇલ પર કોઇની સાથે વાત કરી રહી હતી તે સમયે અચાનક બાથરૂમમાં દોડી ગઇ હતી અને અડધો લોટો ભરીને એસિડ પી લીધું હતું. તેની તબિયત લથડતાં તેને પરિવારજનો સારવાર માટે ભરૂચની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું.

વડ ફળીયા ગામમાં રહેતી 22 વર્ષીય યુવતી અંજના વસાવા ગત તારીખ-27મી માર્ચના રોજ રાતે 10 કલાકે ઘરે હતી. તે દરમિયાન કોઈ વ્યક્તિનો ફોન આવતા તે વાતચીત કરતી હતી. જે બાદ થોડીવારમાં અચાનક દોડી હાથમાં લોટો લઈ ઘરના બાથરૂમ ગઈ હતી જ્યાં તેણે અડધો લોટો જલદ એસિડ ભરી પી લીધું હતું. એસિડ પી લીધા બાદ તેને ઉલટી અને ગભરામણ થવા લાગતાં તેણે બુમરાણ મચાવવાનું શરૂ કર્યું હતું. તેને પહેલાં ખાનગી વાહનમાં વાલિયા અને ત્યાંથી ભરૂચની સિવિલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. મૃતક પાસેથી સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં કદવાલી ગામના અવિનાશ વસાવાએ યુવતી અને તેના માતાપિતા માર મારવા સાથે તું મરી કેમ નથી જતી તેવી ધમકી આપી હતી.જ્યારે પ્રેમી નરેશ નામના ઈસમે તું મરી કેમ નથી જતી તને છોડી દેવાની વાત કરી યુવતીને આત્મહત્યા કરવા મજબુર કરી હતી.

વાલિયા પોલીસે પ્રેમી સહિત બે ઈસમો વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી દરમ્યાન પોલીસે પ્રેમી નરેશ વસાવા અને તેના મિત્ર અવિનાશ વસાવાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 01/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

### ભરૂચ પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ઝડપેલો

# ૨૦૪ કિલો ડ્ર્ગ્સનો ૧,૨૦૦ ડિગ્રી તાપમાને નાશ કરાયો

ભરૂચ, તા. ૩૧

રાજયભરમાં ડ્ર્ગ્સ વિરોધી અભિયાન ચાલી રહયું છે ત્યારે ભરૂચ પોલીસે ઝડપી પાડેલા ૨૦૪ કિલો ડ્ર્ગ્સનો દહેજની બેઈલ કંપની ખાતે નાશ કરવામાં આવ્યો હતો.

## ભરૂચ પોલીસે એનડીપીએસના અલગ-અલગ ૩૧ ગુનામાં રૂ.૪.૪૩ કરોડનો મુદ્દામાલ ઝડપી પાડયો હતો

ભરૂચ જિલ્લા પોલીસે એનડીપીએસના સમયાંતરે ૩૧ ગુનામાં ઝડપી પાડેલાં ૨૦૪ કિલો જેટલા વિવિધ પ્રકારના ડ્ર્ગ્સનો દહેજની બેઈલ કંપનીમાં નાશ કરવામાં આવ્યો હતો. ભઠ્ઠીમાં ૧,૨૦૦ ડીગ્રી તાપમાનમાં એક કલાક સુધી બાળીને ડ્ર્ગ્સના જથ્થાનો નાશ કરી દેવાયો હતો. નાશ કરાયેલાં ડ્ર્ગ્સની કિંમત રૂ. ૪.૪૩ કરોડની થવા જાય છે.

એસપી મયુર ચાવડાની અધ્યક્ષતામાં આ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે ચુસ્ત બંદોબસ્ત વચ્ચે આ કાર્યવાહી પૂર્ણ કરી હતી.

**DATE: 02/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# દહેજ સુવા ચોકડી પાસેથી દારૂના જથ્થા સાથે એક ઝડપાયો

ભરૂચ: દહેજ પોલીસે સુવા ચોકડી પાસે દુકાનમાં દારૂ વેચનાર સામંતપોરનો જતીન સુરેશભાઈ દેસાઈ ઝડપી પાડ્યો હતો. દારૂની કુલ 58 બોટલો મળીને રૂ.12190/-નો મુદ્દામાલ વેચાણ કરવા લાવ્યો હોવાનું આરોપીએ જણાવ્યું હતું. અને વેચાણ કરવાના પ્રકરણમાં સામંતપોર જયદેવ ગોહિલ હોવાની કબૂલાત કરતાં પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 02/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ઘરેથી હેલ્મેટ પહેરીને નીકળજો, નહીં તો રૂ.૫૦૦ દંડ વસૂલ કરવામાં આવશે

# ભરૂચ-અંકલેશ્વરમાં માટે હેલ્મેટ ફરજિયાત કરાયું

**કાર્યવાહી** | પોલીસે સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરી હેલ્મેટ નહીં પહેરનાર પાસેથી દંડ વસૂલ્યો

| અંકલેશ્વર |

ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા આજરોજ સમગ્ર જિલ્લામાં સ્પેશિયલ હેલ્મેટ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત અંકલેશ્વરમાં પણ પોલીસ દ્વારા ડ્રાઈવ હાથ ધરાઈ હતી.તેમજ આજથી ટુ-વ્હીલર ચાલકો માટે હેલમેટ ફરજિયાત કરાયું છે. જેને લઈને હેલ્મેટ વિનાના ચાલકો પાસેથી રૂા.૫૦૦નો દંડ વસૂલ કરાયો હતો.

અંકલેશ્વરના વિવિધ વિસ્તારોમાં પોલીસ દ્વારા ચેકિંગ ધરવામાં આવ્યું હતું. અંકલેશ્વરના મહાવીર ટર્નિંગ, પ્રતિન ચોકડી, વાલીયા ચોકડી તેમજ શહેરી વિસ્તારોમાં ભરૂચીનાકા ચૌટાનાકા અને ત્રણ રસ્તા સર્કલ સહિતના વિસ્તારોમાં પોલીસની વિવિધ ટીમોએ ચેકિંગ હાથ ધર્યું હતું અને હેલ્મેટ ન પહેરનાર ટુવહીલર ચાલકો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે હેલ્મેટ ન પહેરનાર વાહન ચાલકો પાસેથી રૂા.૫૦૦નો દંડ વસૂલ કર્યો હતો જેના કારણે વાહન ચાલકોમાં ફફડાટ ફેલાયો હતો. આજથી અંકલેશ્વરમાં હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યું છે જેના કારણે દરેક લોકોને હેલ્મેટ પહેરવા માટે પોલીસે અનુરોધ કર્યો છે. રાજ્યના પોલીસવડાની સૂચનાના આધારે પહેલા સરકારી કર્મચારીઓ અને હવે સામાન્ય વ્યક્તિઓ માટે હેલમેટ ફરજિયાત કરવામાં આવ્યુંછે.

### પાલેજ ખાતે ટ્રાફિક ડ્રાઇવ શરૂ કરાઈ

પાલેજ : પાલેજ પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. પાલેજમાં પ્રવેશતા વાહનોનું કડક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં કાર, મોટરસાયકલ, રીક્ષા, મુસાફરી કરનારઓના માટે ડોક્યુમેન્ટ અને હેલમેટની ચકાસણી કરવામાં આવી હતી.

### ભરૂચ જિલ્લામાં આજથી અમલ શરૂ

ભરૂચ : ગુજરાત હાઇકોર્ટના આદેશ બાદ દરેક સરકારી કચેરીઓમાં હેલમેટ ફરજિયાત કરવામાં આવ્યું હતું ત્યારે હવે ભરૂચ અને અંકલેશ્વર સહિત સમગ્ર જિલ્લામાં ભરૂચ જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા હેલમેટ ડ્રાઇવ શરૂ કરવામાં આવી છે. આજથી ભરૂચ અને અંકલેશ્વર શહેરમાં પણ સામાન્ય લોકો માટે હેલમેટ ફરજિયાત કરી દેવામાં આવ્યું છે. ઝાડેશ્વર ચોકડી નજીક ભરૂચ જિલ્લા ટ્રાફિક પોલીસના પોલીસ ઇન્સ્પેક્ટર બી.એલ.મહેરિયા સહિતના અધિકારીઓએ હેલમેટ ન પહેરનાર બાઈક ચાલકો સામે દંડની કાર્યવાહી હાથ ધરી હતી. જિલ્લા પોલીસવડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા ચાર રસ્તા પર ચેકિંગ હાથ ધરવામાં આવ્યુંછે અને હેલ્મેટ ન પહેરનાર ટુ વહીલર ચાલકો પાસે દંડ વસૂલ કરવામાં આવી રહ્યો છે. હેલ્મેટ ન પહેનાર ટુવિલર ચાલકક પાસેથી રૂપિયા ૫૦૦નો દંડવસૂલ કરવામાં આવી રહ્યો છે.

**DATE: 02/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### મનુબરમાં રહેતો યુવાન બાઇક નંબરના આધારે સકંજામાં

# ભરૂચના નેશનલ ટ્રેડ સેન્ટરમાં બે દુકાનમાં ચોરી કરનાર તસ્કર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની બીએસએનએલ કચેરીની સામે આવેલાં નેશનલ ટ્રેડ સેન્ટરમાં 22 અને 27 માર્ચના રોજ બે મોબાઈલ શોપમાં ચોરીના બનાવ બન્યાં હતાં. ચોરી કરવા આવેલાં તસ્કરે પહેલાં પુઠ્ઠાની આડાશ મુકી શટરના તાળા તોડયાં હતાં. ચોરીના બનાવોની તપાસ એ ડિવિઝન પોલીસે હાથ ધરી હતી જેમાં શહેરમાં વિવિધ સ્થળોએ લગાવેલાં સીસીટીવી કેમેરાઓના ફૂટેજની તપાસ કરવામાં આવતાં એક મોપેડ ચાલકની શંકાસ્પદ હિલચાલ જોવા મળી હતી. પોલીસની ટીમ રાત્રિ પેટ્રોલિંગમાં હતી તે સમયે શંકાસ્પદ મોપેડ ચાલક જોવા મળતાં તેને રોકવામાં આવ્યો હતો. તેની પાસે રહેલી લેપટોપની બેગ તપાસવામાં આવતાં તેમાંથી કટર સહિતનો સામાન મળી આવ્યો હતો.

મનુબરના અહેમદ નગરમાં રહેતાં મોહંમદ ઉર્ફે ઝૈદ તરીકે તેની ઓળખ થઈ હતી. પોલીસે તેની પૂછપરછ કરતાં તેણે બંને ચોરીના ગુનાની કબુલાત કરી હતી. તેની પાસેથી દુકાનના શટરો તોડવાના સામાન સહિત મોબાઈલ અને લેપટોપનો ચોરીમાં થયેલો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આરોપી રાતના સમયે તેનું એકટીવા લઈને નીકળતો હતો અને લેપટોપમાં કટર રાખતો હતો. રસ્તામાં આવતી ભોયતળિયાની અથવા તો પહેલા માળે હોય તેવી દુકાનોને નિશાન બનાવીને તેમાં ચોરી કરતો હોવાની વિગતો સામે આવી છે.

**DATE: 02/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# ઝઘડિયા ટાઉનમાં નશો કરેલી હાલતમાં પાંચ શખ્સ ઝડપાયા

ઝઘડિયા તા.૧

ઝઘડિયા ટાઉન સહિત તાલુકામાં દારૂનો નશો કરી રખડતાં અને વાહન હંકારતા હોવાથી અકસ્માતો પણ થાય છે. ઝઘડિયા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન થાણા ફળિયા વિસ્તારમાં નશો કરી રખડતાં ૩ અને વાહન હંકારતા બે શખ્સને ઝડપી પાડ્યા હતા.

## બે જણ તો નશાની હાલતમાં વાહન હંકારતા ઝડપાયા હતા

ગતરોજ ઝઘડિયા ટાઉનમાં ઝઘડિયા પોલીસ સ્ટેશનની સામે જ થાણા ફળિયા વિસ્તારમાં પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી.તે સમયે નશો કરી વાહન હંકારતા (૧) રાકેશ ભૂપતસિંહ રાઠોડ (રહે. મોટાસાંજા) (૨) મહેશ નાનુંભાઇ વસાવા (રહે. મોહન ફળિયા),જ્યારે નશો કરેલી હાલતમાં રખડતાં (૧) નરેશ નાનુભાઈ વસાવા (રહે. મોહન ફળિયા) (૨) દિવ્યેશ રાજેન્દ્રભાઈ ભટ્ટ (રહે.હનુમાન ફળિયા)(૫) નિધિરાજ નરેન્દ્રસિંહ પરમાર ઝઘડિયા પોલીસે અટકાવી તપાસ કરતા પાંચ શખ્સ નશાની હાલતમાં હતા.જેથી ઝઘડિયા પોલીસે સરકારી દવાખાના અવિધા ખાતે તેમનો મેડિકલ ચેકઅપ કરાવી પાંચે વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.


**DATE: 03/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

કાર્યવાહી | ભરૂચ જિલ્લામાં બાઈક ચલાવતી વેળા હેલ્મેટ પહેરજો નહિ તો ₹ 500 ભરવા પડશે

# એક દિ 'માં 1,060 ચાલકોને ₹ 5.30 લાખનો દંડ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ રાજ્યના પોલીસ વડાએ તમામ સરકારી કચેરીમાં હેલ્મેટ ફરજિયાત કર્યું હતું. ભરૂચ શહેર અને જિલ્લામાં ટ્રાફિક પોલીસે સ્પેશિયલ હેલ્મેટ ડ્રાઈવ 1 એપ્રિલથી શરૂ કરી છે. તેને લઈને દરેક તાલુકામાં હેલ્મેટ વગર ટુ વ્હીલર ચલાવતા વાહન ચાલકોને રૂપિયા 500 નો દંડ ફટકારવામાં આવી રહ્યો છે. ત્યારે પ્રથમ દિવસે હેલ્મેટ વગર ટુ વ્હીલર ચલાવતા 1060 વાહન ચાલકોને કુલ રૂપિયા 5.30 લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો. જ્યારે 210 વાહન ચાલકો રૂપિયા 1.05 લાખ ઓનલાઈન દંડ ભરશે. આમ બીજા દિવસે પણ હેલ્મેટ વગર ટુ વ્હીલર ચલાવતા વાહન ચાલકોને દંડ ફટકારવામાં આવી રહ્યો છે. ભરૂચ શહેરમાં પાંચ બત્તી સર્કલ, ઝાડેશ્વર ચોકડી નજીક, અંકલેશ્વરમાં મહાવીર ટર્નિંગ, પ્રતિન ચોકડી, વાલિયા ચોકડી, સહિત ના મુખ્ય માર્ગો પર હેલ્મેટ નું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આમ હેલ્મેટ નહીં પહેરીને ટુ વ્હીલર ચલાવનાર વાહન ચાલકોને રોકીને રૂપિયા 500 નો દંડ ફટકારવામાં આવી રહ્યો છે. આમ આ કામગીરી એક સપ્તાહ સુધી ચાલશે. ત્યારે જિલ્લા ટ્રાફિક પોલીસના પીઆઈ બી.એલ. મહેરિયા સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યું હતું કે હેલ્મેટ વગર ટુ વ્હીલર ચલાવનાર વાહન ચાલકોને હવે એક સપ્તાહ બાદ પણ રોકીને રૂપિયા 500નો દંડ ફટકારવામાં આવશે. જેથી ટુ વ્હીલર ચલાવનાર તમામ વાહન ચાલકોને હેલ્મેટ પહેરવા માટે જણાવ્યું હતું.



ભરૂચ જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા પ્રતિન ચોકડી નજીક હેલ્મેટ ડ્રાઈવ યોજી

**DATE: 03/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ભરૂચમાં સચીન હત્યાકાંડ : સ્ત્રીવેશમાં એક્ટિવા પર શરીરના ૯ ટુકડા ગટરમાં સગે વગે કર્યા હતા

# સચીનની હત્યા કરનાર મિત્ર શૈલેન્દ્ર બીજનોરથી ઝડપાયો

## શૈલેન્દ્રની પત્નીના અશ્લીલ ફોટા સચિનના મોબાઈલમાં હતા, જે ડિલીટ નહી કરતાં ખેલાયો ખૂની ખેલ

| ભરૂચ |

ભરૂચના ભોલાવ જીઆઈડીસી વિસ્તારની ગટરમાંથી માનવ અંગો મળી આવવાના મામલામાં પોલીસે હત્યારાની ધરપકડ કરી લીધી છે. મૃતક સચિન ચૌહાણના મોબાઈલમાં હત્યારા શૈલેન્દ્રસિંગની પત્નિના અશ્લીલ ફોટા ડીલીટ કરવાના મામલે બંન્ને વચ્ચે તકરાર થતાં શૈલેન્દ્રએ રસોડાના ચપ્પુથી સચિનનું ગળુ કાપી તેની નિર્મમ હત્યા કર્યા બાદ શરીરના ટૂકડા કર્યા હોવાનો ઘટસ્ફોટ થયો છે.

ભોલાવ જીઆઈડીસી વિસ્તારમાં દુધધારા ડેરી નજીક આવેલી વરસાદી કાંસની ગટરમાંથી માનવના કપાયેલા અંગો મળ્યા હતા. તપાસમાં મૃતકનું નામ સચિન ચૌહાણ હોવાનું ખુલ્યુ હતુ. સચિનનો મિત્ર શૈલેન્દ્રસિંગ ચૌહાણ શંકાના દાયરામાં આવ્યો હતો. પોલીસે યુપીના બીજનોરથી તેની ધરપકડ કરી ભરૂચ લઈ આવ્યા બાદ પુછપરછ હાથ ધરતા તેણે ચોંકાવનારી કબુલાત કરી હતી. જેમાં તેણે જણાવ્યુ હતુ કે, તેની પત્નીના અશ્લીલ ફોટા સચિનના મોબાઈલમાં હતા, જે ડીલીટ કરવા માટે સચિનને કાકલુદી કરવા છતાં તે ડીલીટ કરતો ન હતો. તા.૨૪ મી માર્ચના રોજ હરિધામ સોસાયટીમાં શૈલેન્દ્રના ઘરે તેઓ રોકાયા હતા ત્યારે તેમની વચ્ચે પુનઃ ફોટા બાબતે તકરાર થતાં રોષે ભરાયેલા શૈલેન્દ્રએ સચિનના ગળે ચપ્પુ ફેરવી દીધુ હતુ. આખો દિવસ લાશ તેના ઘરમાં જ રાખી બીજા દિવસે કંપનીથી પરત આવી લાશના ૯ ટૂકડા કરી બીજા દિવસે નોકરીએ જવા નીકળેલ તે પહેલા સ્ત્રીના કપડા પહેરી મૃતક સચિનની એકટીવા લઈ લાશના ટૂકડાઓને જીઆઈડીસીની ગટરમાં અલગ અલગ સ્થળે ફેંકી આવ્યો હોવાની કબુલાત કરી હતી. પોલીસે હાલમાં તેની ધરપકડ કરી રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરી છે.



સચીનની હત્યા કરનાર આરોપી મિત્ર શૈલેન્દ્રસિંગ

### પોલીસની તપાસને ગેરમાર્ગે દોરવા સ્ત્રી વેશ ધારણ કર્યો

શૈલેન્દ્રસિંગે શરીરના ૯ ટૂકડા કર્યા હતા. હત્યાના કારસામાં પોલીસ તપાસને ગેરમાર્ગે દોરવા માટે શૈલેન્દ્રસિંગે સ્ત્રીના કપડા ખરીદી લાવ્યો હતો. શરીરના ટૂકડા અલગ અલગ સ્થળે નાંખવા માટે સ્ત્રીના કપડા પહેરી લાશનો નિકાલ કર્યો હતો. એટીએમ કાર્ડ ટ્રેનમાં પીન નંબર સાથે મુકી દીધો હતો જેથી કોઈ ઉપયોગ કરે તો પોલીસ તપાસની દિશા બદલાઈ જાય.

**DATE: 03/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠકમાં આગેવાનો હાજર

# અંકલેશ્વર શહેરમાં રામનવમીની શોભાયાત્રા સમયસર કાઢવા માટે આયોજકોને સૂચના

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે રામનવમી તહેવાર નિમિતે ડીવાયએસપી કુશલ ઓઝા ની અધ્યક્ષતા હેઠળ શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં શાંતિ સમિતિ ના સભ્યો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.અંકલેશ્વર શહેરમાં રામનવમી નો તહેવાર શાંતિ પૂર્ણ માહોલમાં ઉજવાય અનેકાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે શહેર એ ડિવિઝન પોલીસ મથક ખાતે ડીવાયએસપી કુશલ ઓઝા ની અધ્યક્ષતા હેઠળ શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરાયું હતું. શહેરમાં નીકળનાર શોભાયાત્રા શાંતિપૂર્ણ રીતે અને સમયસર નીકળે તે માટે તાકીદ કરી હતી.કાયદાનાઘર્ષણમાં આવ્યા વિના ઉત્સવ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તેમાટે અપીલ કરી હતી. શાંતિ સમિતિ બેઠક માં નગરપાલિકા ના પ્રમુખ લલિતા રાજપુરોહિત, શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર પુષ્કર્ણા, જીગ્નેશ અંદારીયા સહિત વિવિધ સંગઠનના આગેવાનો હાજર રહ્યા હતાં.



અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથક ખાતે રામનવમી પર્વ નિમિત્તે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

**DATE: 03/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ અંતર્ગત

# ભરૂચ જિલ્લા બાળ સુરક્ષા દ્વારા હેલ્પલાઈન નંબર જાહેર કરાયા

## બાળલગ્નના કારણે દીકરા-દીકરીઓના આરોગ્ય પર થતી વિપરીત અસર

| ભરૂચ |

હિન્દુ પંચાયત મુજબ તા.૩૦ના દીવસે અક્ષયતૃતીયા (અખાત્રીજ)ના શુભ દિવસે તથા અન્ય દિવસમાં ખુબ મોટા પ્રમાણમાં વિવિધ સમાજોમાં લગ્નો યોજાતા હોય છે. જેમાં ખાસ બાળ લગ્નો ન થાય તે માટે સમુહ લગ્નોના આયોજકો, સામાજીક આગેવાનો, ગોર મહારાજ, લગ્ન કરાવનાર કાજી, રસોઈયા, મંડપ ડેકોરેશન, ફોટોગ્રાફર તથા લગ્ન કરાવનાર વર અને કન્યા પક્ષના બંન્ને પરિવારોને જણાવવાનુ કે બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ મુજબ છોકરીના લગ્ન ૧૮ વર્ષ અને છોકરાના લગ્ન ૨૧ વર્ષ પહેલા થાય એ સજાપાત્ર ગુનો છે અને સામાજીક દુષણ પણ છે.

બાળલગ્નના કારણે દિકરા-દિકરીઓના આરોગ્ય પર ઘણી જ વિપરીત અસર થાય છે તેથી સમાજમાં બાળલગ્ન ન થાય તે જરૂરી છે. તેથી આપના વિસ્તારમાં, ગામમાં કે મહોલ્લામાં બાળલગ્ન ન થાય તેની તકેદારી રાખવી અન્યથા બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ મુજબ રૂા.૧,૦૦,૦૦૦ અને બે વર્ષ સુધીની કેદ થઈ શકે છે. જેથી જો બાળલગ્ન થતા જોવા મળે તો આપની સામાજીક જવાબદારી સમજી આવા બાળલગ્ન અટકાવવા માટે સમાજ સેવાના ભાગરૂપે નજીકના પોલીસ સ્ટેશન અથવા હેલ્પલાઈન નંબરો બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી ભરૂચ ૦૨૬૪૨-૨૬૩૮૨૩, જિલ્લા બાળ સુરક્ષા એકમ ભરૂચ ૦૨૬૪૨-૨૫૦૩૧૫, ચાઈલ્ડ લાઈન ૧૦૯૮, પોલીસ ૧૦૦, મહિલા અભિયમ ૧૮૧ પર જાણ કરવા માટે જિલ્લા બાળ સુરક્ષા અધિકારી જિલ્લા બાળ સુરક્ષા એકમ ભરૂચ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

**DATE: 03/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### જંબુસર શહેર-તાલુકામાં હેલ્મેટ ફરજીયાત કરાયું

# પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ શરૂ કરી ૧૧૬ બાઈક ચાલકોને દંડ ફટકારાયો

## રૂ.૫૮,૦૦૦ નો દંડ વસૂલ કરાયો, બાઈક ચાલકોમાં ફફડાટ

। જંબુસર ।

જંબુસર શહેર તથા તાલુકામાં પોલીસ દ્વારા હેલ્મેટ ન પહેર્યું હોય તો રૂ.૫૦૦નો દંડ ભરવા તૈયાર રહેજો. જંબુસર પોલીસે સવારથી જ ટ્રાફિક ડ્રાઇવ શરૂ કરતા હેલ્મેટ વગર ના ૧૧૬ બાઈક ચાલકો દંડાયા હોવાના અને તેઓ પાસેથી રૂ.૫૮,૦૦૦નો દંડ વસૂલ કર્યો હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.



જંબુસર શહેર હેલમેટ વિના જનારને દંડ કરાયો હતો.

ગુજરાત હાઈકોર્ટના આદેશ બાદ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે હાથ ધરેલા કડકાઈ ભર્યા અભિગમ બાદ રાજય ની પોલીસે હેલ્મેટ વગર ફરતા વાહન ચાલકો વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરી છે અને તેને અનલક્ષીને જીલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સુચના અન્વયે વિભાગીય પોલીસ અધિક્ષક પી.એલ ચૌધરીના માર્ગદર્શન હેઠળ જંબુસર પોલીસ મથક ના પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી.પાણમિયાએ સ્ટાફ સાથે નગરના સાત ઓરડી ફાટક પાસે તથા પ્લાઝા ચોકડી પાસે હેલ્મેટ વગર વાહન હંકારતા ચાલકો વિરુદ્ધ ઝુંબેશ હાથ ધરી હતી.અને હેલ્મેટ ન પહેરનાર ટુ વહીલર ચાલકો પાસે રૂપિયા ૫૦૦ નો દંડ વસૂલ કરવામાં આવતા હેલ્મેટવગર ટુ વ્હીલર વાહન ચલાવતા વાહન ચાલકો મા ફફડાટ ફેલાઈ ગયો છે. જંબુસર પોલીસે હાથ ધરેલ ઝુંબેશમા હેલ્મેટ વગર ટુ વ્હીલર હંકારી રહેલા ૧૧૬ વાહનચાલકો પાસેથી રૂ.૫૮૦૦૦ નો દંડ વસૂલ કર્યો હતો.

**DATE: 03/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-04**

# અંકલેશ્વરમાં મહિલાના ગળામાંથી ચેઈન સ્નેચિંગ કરી ભાંગતા બે સ્નેચરોને પોલીસે ઝડપી પાડ્યા

**સુરતમાંથી** બાઈકની ચોરી કરી અંકલેશ્વરમાં ચેઇન સ્નેચિંગને અંજામ આપ્યો

**ભરચક** વિસ્તારમાં લોકોએ આંતરતા ચપ્પુ [redacted]સોટ તરફ ભાગ્યા હતા







અંકલેશ્વર: અંકલેશ્વરના જ્યોતિ ટોકીઝ જેવા અવર જવર ધરાવતા માર્ગ ઉપર ચોરીની બાઈક ઉપર આવેલા એક કિશોર સહિત બે ગઠિયાઓ એક મહિલાના ગળામાંથી સોનાની ચેઇન તોડી ભાગી છૂટ્યા હતા. જોકે પોલીસને તુરંત જાણ થતાં પીછો કરી બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

હાંસોટ તરફના મુખ્ય માર્ગ ઉપર જ્યોતિ ટોકીઝ પાસે બસની રાહ જોઈ ઊભી રહેલી એક ગૃહિણીના ગળામાંથી સોનાની ચેઇન તોડી બે ગઠિયાઓ લોકોની ભીડ વચ્ચેથી બાઈક ઉપર હાંસોટ તરફ ભાગી છૂટ્યા હતા. ચેઇન તોડી ભાગતા બંને ગઠિયાઓને લોકોએ રોકવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ હાથમાં તિક્ષ્ણ ચપ્પુ બતાવી બંને ભાગી છૂટ્યા હતા. આ દરમિયાન અંકલેશ્વર એ ડિવિઝન પોલીસ નજીકના વિસ્તારમાં જ પેટ્રોલિંગ હતી, તેઓને જાણ થતાં તેઓએ પીછો કર્યો હતો. અંકલેશ્વર પોલીસે વાયરલેસ દ્વારા હાંસોટ પોલીસને પણ જાણ કરી દીધી હતી. દરમિયાન અંકલેશ્વર પોલીસે ધંતુરીયા નજીક બાઈક જોઈ હતી. બાઈક રસ્તે મૂકી બંને આરોપીઓ ખેતરમાં છુપાઈ ગયા હતા. પોલીસે લગભગ અડધો કલાકની જહેમત બાદ બંને આરોપીઓને ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી સોનાના પેન્ડલ સાથેની ચેઇન કિં. રૂ.1,26,000, બાઈક અને ચપ્પુ કબજે લીધા હતા. બે આરોપીઓ પૈકી એક આરોપી સગીર હોવાને કારણે તેને વડોદરા જુવેનાઈલ હોમમાં મોકલી અપાયો હતો જયારે મૂળ ઉતરપ્રદેશના અલ્હાબાદના રહીશ અભિષેક પટેલની અટકાયત કરી હતી. આ બંને આરોપીઓએ બે દિવસ અગાઉ સુરતના ડિંડોલી પોલીસ મથક વિસ્તારમાંથી એક બાઈકની ચોરી કરી હતી અને મંગળવારે અંકલેશ્વર આવી ચેઇન સ્નેચિંગની ઘટનાને અંજામ આપ્યો હતો.

**DATE: 04/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

# ભરૂચમાં ઓનલાઈન સટ્ટો રમાડતો એક ઝબ્બે

। ભરૂચ ।

ભરૂચ એલસીબી પોલીસે આઈપીએલ ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડતા એક શખ્સને ઝડપી પાડયો છે. શકિતનાથ સર્કલ નજીક સોડાની દુકાન પાસેથી આરોપી ભગતસિંહ દામોદરસિંહ સીસોદીયાની ધરપકડ કરવામાં આવી છે.

આરોપી વેબસાઈટ પર લખનઉ સુપર જાયન્ટ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચેની મેચમાં સટ્ટો રમી રહ્યો હતો. પોલીસે તેની પાસેથી રોકડ રકમ અને મોબાઈલ સહિત કુલ રૂા.૧૪૮૫૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ આઈપીએલ ૨૦૨૫ દરમ્યાન સટ્ટાની પ્રવૃત્તિઓ રોકવા માટે વિશેષ સુચનાઓ આપી હતી. આ સુચનાઓના પગલે એલસીબીના પીઆઈ એમ.પી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમો સક્રિય હતી. પીએસઆઈ ડી.એ.તુવરની ટીમે નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરી હતી. આરોપીને ઓનલાઈન સટ્ટો રમવા માટે આઈડી અને પાસવર્ડ પુરા પાડનાર વ્યકિતને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

**DATE: 04/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિના સભ્યોની બેઠક મળી

# ઝઘડિયામાં રામનવમીની બાઈક રેલી દરમિયાન શાંતિ જાળવવાની તાકીદ

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

વર્તમાન સમયમાં રામનવમીના દિવસે પણ ભગવાન રામની શોભાયાત્રા કાઢવાની પરંપરા શરૂ થઈ છે. ભરૂચ શહેર તથા જિલ્લામાં રામનવમીના દિવસે વિવિધ સ્થળોએ શોભાયાત્રાનું આયોજન કરાયું છે. શોભાયાત્રા દરમિયાન કાંકરીચાળો ન થાય તે માટે પોલીસે અત્યારથી તૈયારીઓ શરૂ કરી દીધી છે. ઝઘડિયા પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિના સભ્યોની બેઠક મળી હતી. રામનવમીની સાથેમહાવીર જયંતિ,હનુમાન જયંતિના તહેવારો પણ આવી રહયાં છે. ઝઘડીયા પોલીસ સ્ટેશન ખાતે રામનવમીની શોભાયાત્રાના આયોજકો તથા શાંતિ સમિતિના સભ્યો તેમજ ડી.જે. સંચાલકો અને સરપંચ સહીતઆગેવાનો સાથે સંયુક્ત શાંતિ સમિતિની બેઠક મળી હતી. પીઆઈ એન.આર.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ સદર તહેવાર ની ઉજવણી શાંતિપૂર્ણ માહોલમાં થાય તે અંગે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવી હતી.શોભાયાત્રા બાઈક રેલી સ્વરૂપે યોજાનાર હોય તમામ વાહન ચાલકો ટ્રાફિકના તમામ નિયમોનો ચુસ્તપણે પાલન કરે તે સુનિશ્ચિત કરવા સૂચના આપી તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારના સંવેદનશીલ ગામોમાં મહોલ્લા મીટીંગોનુ આયોજન કરી જરૂરી સૂચનાઓ કરવામાં આવી છે.

**DATE: 04/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 2 આરોપીની અટકાયત, 2ની શોધખોળ શરૂ

# કનસાગર ગામે કતલમાં લઈ જવાતી બે ગાયને બચાવાઈ

ભાસ્કર ન્યૂઝ | જંબુસર

જંબુસર તાલુકાના કનસાગર ગામની સીમમાંથી ગાડીમાં ભરી કતલના ઈરાદે લઈ જવાતી બે ગાયનો પોલીસે મુક્ત કરાવી બે ઈસમોને ઝડપી પાડ્યા હતા.

કાવી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે કનસાગર ગામની સીમમાં ગામના સાદીક કાસમ અબ્બાસ સૈયદ અને મકસુદ બશીર પટેલ, સકીલ તેમજ સદામ બશીર પટેલએ બે ગાયોને ગાડીમાં ક્રુરતા બાંધી રાખી કતલના ઈરાદે લઈ જવામાં આવી રહી છે.બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી.અને બાતમી વાળી ગાડીને અટકાવી 12 હજારથી વધુની કિંમતની ગાયોને મુક્ત કરાવી કુલ 5 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કાર્યો હતો.અને ગામના સાદીક કાસમ અબ્બાસ સૈયદ અને મકસુદ બશીર પટેલને ઝડપી પાડ્યો હતો.જ્યારે અન્ય બે ઈસમોને વોન્ટેડ જાહેર કરી પ્રાણી ઘાતકીની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 05/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### 30 મી તારીખે અખાત્રીજ પહેલાં કવાયત

# ભરૂચમાં બાળલગ્નો રોકવા માટે હેલ્પલાઈન શરૂ કરાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આગામી 30મી એપ્રિલ (અખાત્રીજ)ના શુભ દિવસેતથા અન્ય દિવસમાં ખુબ મોટા પ્રમાણમાં વિવિધ સમાજોમાં લગ્નો યોજતા હોય છે. જેમાં ખાસ બાળ લગ્નો ન થાય તે માટે સમુહ લગ્નોના આયોજકો, સામાજિક આગેવાનો, ગોર મહારાજ, લગ્ન કરાવનાર કાજી, રસોઈયા, મંડપ ડેકોરેશન, ફોટોગ્રાફર તથા લગ્ન કરાવનાર વર અને કન્યા પક્ષના બન્ને પરિવારોને જણાવવાનુ કે બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ - 2006 મુજબ છોકરીના લગ્ન 18 વર્ષ પહેલા અને છોકરાના લગ્ન 21 વર્ષ પહેલા થાય એ સજાપાત્ર ગુનો છે . બાળલગ્ન અટકાવવા માટે સમાજ સેવાના ભાગરૂપે નજીકના પોલીસ સ્ટેશન અથવા આપેલી હેલ્પલાઈન નંબરો 250315, 1098, 100 તથા 181 નંબર પર ફોન કરી માહિતી આપી શકાશે.

**DATE: 05/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સંવેદનશીલ વિસ્તાર હોવાથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાશે

# ભરૂચમાં રામનવમીની શોભાયાત્રા સમયસર કાઢવા આયોજકોને તાકીદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આગામી રામનવમીના પર્વને અનુલક્ષીને ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ મથક દ્વારા શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું

આગામી તારીખ છઠ્ઠી એપ્રિલના રોજ રામનવમીના પર્વની ઉજવણી કરવામાં આવશે ત્યારે ભરૂચમાં પણ ભગવાન રામની ભવ્ય શોભાયાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ મથક ખાતે શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બી ડિવિઝન પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટરની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી જેમાં હિન્દુ મુસ્લિમ આગેવાનો તેમજ શાંતિ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કોમી એખલાસભર્યા વાતાવરણમાં રામનવમીનું પર્વ ઉજવાય તે માટે શોભાયાત્રા સમયસર કાઢવા જણાવાયું છે.



બી ડિવિઝન પોલીસ મથક ખાતે શાંતિ સમિતિની બેઠક મળી હતી.

**DATE: 05/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# સાયખામાં પોલીસે લોકોને સાઈબર ક્રાઈમથી બચવાના ઉપાયો સૂચવ્યાં



**ભરૂચ** | આજના ડિજિટલ યુગમાં સાયબર ક્રાઈમના બનાવો વધ્યા છે ત્યારે સાયબર માફિયાઓ દ્વારા લોકોને છેતરવામાં આવે છે.આવા બનાવો બનતા અટકે તે માટે ભરૂચ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યો છે જે અંતર્ગત ભરૂચ સાયબર ક્રાઈમ તથા વાગરા પોલીસ સ્ટેશન દ્વારા સાયખા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા આયોજિત સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમમાં ભરૂચ જીલ્લા પોલીસ વડા મયુર ચાવડા, ડિવાયએસપો પી.એલ.ચૌધરી સહિતના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**DATE: 05/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# મનુબર ચોકડી પાસે બિનવારસી કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ભરૂચ: ભરૂચ-દહેજ માર્ગ પર મનુબર ચોકડી નજીક શીતલ શોપિંગ સેન્ટર પાસે એક શંકાસ્પદ બિનવારસી ઈકો કારમાં દારૂનો જથ્થો મળી આવ્યો છે. સ્થાનિક દુકાનદારોએ આ અંગે બી ડિવિઝન પોલીસને જાણ કરી હતી. પોલીસે ટોઈંગ ક્રેનની મદદથી કારને પોલીસ સ્ટેશન ખસેડી હતી. આ ઘટનાને પગલે ઘટના સ્થળે લોકોનાં ટોળાં એકત્ર થયાં હતાં. પોલીસે દારૂનો જથ્થો કબજે કરી આ કાર કોની માલિકીની છે એ તપાસ આદરી છે.

**DATE: 06/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# રામનવમીની શોભાયાત્રા પહેલાં પોલીસ સજ્જ







**ભરૂચ-અંકલેશ્વર** । ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસ મથક દ્વારા આવતી કાલે રામ નવમી 12મી એપ્રિલના રોજ હનુમાન જયંતી હોય પોલીસની સંવેદનશીલ વિસ્તારોમાં ફ્લેગમાર્ચ યોજાઈ હતી.જેમાં ડીવાયએસપી સહિતના અધિકારીઓ પણ જોડાયા હતા.જેમાં શહેર ડીવાયએસપી સી.કે.પટેલ, એસીએસટી ડીવાયએસપી ડો. અનીલ સિસારા, એ ડીવીઝન પીઆઈ વી.યુ.ગડરિયા સહિતના 10 પીએસઆઈ,101 પોલીસ કર્મીઓ અને ક્યુઆરટી ટીમ ફ્લેગમાર્ચમાં જોડાયા હતાં. અંકલેશ્વરમાં પણ રામ નવમી ની પૂર્વ સંધ્યા પોલીસ દ્વારા રામનવમી શોભા યાત્રા રૂટ પર ફ્લેગ માર્ચ યોજાઈ હતી. ઉત્સવ ને ધ્યાને લઈ સંવેદનશીલ વિસ્તાર માં પણ ફૂટ માર્ચ કર્યું હતું. અંકલેશ્વર ડીવાયએસપી ની અધ્યક્ષતા માં શહેર એ ડિવિઝન પોલીસ મથક થી વિવિધ વિસ્તારમાં પોલીસ ફૂટ. બાઈક અને પોલીસ વાન સાથે ફૂટ પેટ્રોલિંગ યોજી હતી.

**DATE: 06/04/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### ઝઘડિયા તાલુકાના

# કપલસાડી અને ફુલવાડી ગામેથી આંકડાનો જુગાર રમતા બેની ધરપકડ

ઝઘડિયા તા ૫

ઝઘડિયા તાલુકાના ફુલવાડી ગામેથી આંકડાનો જુગાર રમતા શખ્સ સહિત બે શખ્સ સામે ગુનો દાખલ કર્યો હતો.

પોલીસ ટીમ ખરચી આઉટ પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમીના આધારે ફુલવાડી ગામે ટેકરા ફળિયામાં રહેતો ઉમેદ ચુનિલાલ વસાવા તેના ઘર નજીક આંક ફરકના આંકડાનો જુગાર રમાડતો હતો.પોલીસે સ્થળ પર દરોડો પાડી કુલ રૂ.૬૮૨૦ ના મુદ્દામાલ સાથે તેને ઝડપી પાડ્યો હતો. પોલીસને જાણકારી મળી હતી કે કપલસાડીનો રઝાક પઠાણ ઉમેદ વસાવાને આંકડા લખાવત ેહતો એટલે પોલીસે કપલસાડી ગામે રેઈડ કરી રઝાકખાન પઠાણ (રહે.પઠાણ ફળિયું કપલસાડી)ને પકડી પાડી આંકડા લખવાના સાધનો રોકડા રૂપિયા તેમજ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૫૭૫૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેના વિરુધ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.